અહીં આપેલ સમાચારો આપના લોકપ્રિય સામયિકમાં પ્રસિદ્ધ કરવા માટે છે...

विश्व संवाद केन्द्र

સંવાદ સમાચાર
કેવળ પત્ર-પત્રિકાઓ માટે

૨, મયૂર ચેમ્બર્સ,
ગાંધીગ્રામરેલવે સ્ટેશનની સામે,
એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬
ફોન : (૦૭૯) ૨૬૫૭૯૩૦૧,
ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૨૨૦
E-mail : vsk.samachar@gmail.com

Email : vskguj@gmail.com Website : www.vskgujarat.com

વર્ષ : ૪ અંક : ૯૪ દિનાંક : ૧૫.૨.૨૦૧૯ સંપાદક : ડૉ. કનુભાઈ જોષી

## પુલવામાં થયેલ આતંકી હુમલામાં શહીદ થયેલ વીર જવાનોને વિશ્વસંવાદ કેન્દ્ર ગુજરાત શ્રદ્ધાંજલિ અર્પે છે.

## વિશ્વ સંવાદ એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મીડિયા કોમ્યુનિકેશન રિસર્ચ પ્રોજેક્ટનું ભૂમિપૂજન અને વિઝન કોન્કલેવ

વિશ્વ સંવાદ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા અગિયાર વર્ષથી ગુજરાતમાં કર્ણાવતી ખાતે મીડિયા એજ્યુકેશન કૉલેજ કાર્યરત છે. આ કૉલેજ માસ કોમ્યુનિકેશન અને જર્નાલીઝમ જેવા આધુનિક મીડિયાના સંદર્ભમાં વિવિધ કોર્સ તથા તે અંગેના સંશોધનમાં કાર્યરત છે. આ કૉલેજમાંથી તાલીમ મેળવેલ શિક્ષાર્થીઓ અનેક સરકારી તથા બીનસરકારી સંસ્થાઓના મીડિયા-માધ્યમોમાં મહત્વના હોદ્દા ધરાવે છે. હવે આધુનિક માગને આધારે આ કોલેજને વિશાલ ફલક પર વિકસાવવા આ પાઉન્ડેશને નવીન પ્રોજેક્ટના નિર્માણની પહેલ કરી છે. લોકસહકાર તથા દાતાઓની મદદથી આ રિસર્ચ પ્રોજેક્ટ હાજીપુર-કલોલની ૫ (પાંચ) એકરની ભૂમિમાં આશરે રૂ. ૭૦ કરોડના ખર્ચે નિર્માણ પામવાનો છે. આ પ્રોજેક્ટના ભૂમિપૂજન તથા સંસ્થાની ભાવિ રૂપરેખાના નિદર્શનનો કાર્યક્રમ યોજાયો છે.

આ પ્રસંગે ફાઉન્ડેશનના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પ્રદીપભાઈ જૈન, એડવાઈઝરી કાઉન્સિલના ચેરમેન શ્રી એસ. ગુરુમૂર્તિ, હિન્દી ફિલ્મ નિર્માતા-નિર્દેશક શ્રી સુભાષ ઘઈ, મા. પ્રાંત સંઘચાલક શ્રી મુકેશભાઈ મલકાન, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વરિષ્ઠ પ્રચારક શ્રી મુકુન્દરાવ દેવભાણકર, ગુજરાત પ્રાંત પ્રચાર પ્રમુખ શ્રી વિજયભાઈ ઠાકર, સહપ્રચાર પ્રમુખ હિતેન્દ્ર મોજીત્રા, શ્રી શૈલેષભાઈ પટેલ ઉપસ્થિત હતા. તદ્ઉપરાંત ટ્રસ્ટીગણમાં બ્રીજેશ ચિનાઈ, હરેશભાઈ ઠક્કર, અશ્વિનભાઈ શાહ, ડૉ. ભરતભાઈ પટેલ વગેરે ઉપસ્થિત હતા.

આ પ્રોજેક્ટના દાતાઓમાં સર્વશ્રી હસમુખભાઈ પટેલ (રામદેવ કુડ), કિરણભાઈ પટેલ તથા અન્ય દાતાશ્રીઓ અને મહાનુભાવો પ્રોજેક્ટના વિકાસ માટે આર્શિવાદ આપ્યા હતા.

ગુજરાત સરકારના મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલે તેમના ઉદ્બોધનમાં મીડિયા-માધ્યમોની સામાજિક સેવાઓને બિરદાવી હતી. ફિલ્મ નિર્માતા સુભાષ ઘઈએ મીડિયાની કોલેજોમાં શિક્ષકની ભૂમિકા તથા માર્ગદર્શનનું મહત્વ સમજાવી ચાણક્યની યાદ અપાવી હતી.

એડ્વાઈઝરી કાઉન્સિલના ચેરમેન શ્રી એસ. ગુરુમૂર્તિએ મીડિયા-પ્રચાર માધ્યમોમાં ભારતની ભૂમિકાને સમજાવી હતી. ભારત પાસે સોફ્ટપાવર તથા હાડપાવર બંને હોવાનું જણાવી અમેરિકાની આવી ક્ષમતાઓ સાથે સરખામણી કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું કે આ પ્રોજેક્ટના નિર્માણથી ભારતને તમામ પ્રકારના મીડિયા તથા જર્નાલિઝમનું જ્ઞાન પ્રાપ્ત થશે. અહીંથી શિક્ષિત થયેલ યુવાનો ભારતના વેપાર-ઉદ્યોગ તથા વહીવટી ક્ષેત્રના વિકાસમાં મહત્વનો ફાળો આપશે. તેમણે વધુમાં જણાવ્યું કે સામ્યવાદી દેશો તથા કટ્ટરપંથીઓ સત્ય સમાચારો લોકો સુધી પહોંચવા દેતા નથી. તેમણે પ્રચાર-પ્રસારનું મહત્વ સમજાવતા જણાવ્યું કે ચીન જેવા સામ્યવાદમાં લોકો ભૂખે મરતા હોય તેની જાણ પ્રજાને થતી નથી, જ્યારે ભારતમાં કાલાહાંડીમાં જૂજ માણસોના

મૃત્યુના સમાચાર સમગ્રદેશવાસીઓને તૂરંત મળે છે. ભારત વિશ્વનું મહાન લોકશાહી તંત્ર છે. લોકશાહીના રક્ષણ માટે તથા સર્વેની સુખાકારી માટે મીડિયા અને જર્નાલીઝમ મહત્વના સાબિત થશે અને ભારત પુનઃ તેના પરમ વૈભવને પ્રાપ્ત કરશે.

આ સમારંભમાં સૌ મહેમાનોની ઉપસ્થિતિમાં મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પ્રદીપ જૈને સપરિવાર ભૂમિપૂજન કર્યું હતું. મીડિયા કોલેજ તથા આ પ્રોજેક્ટના નિર્દેશક ડૉ. શિરીષ કાશિકર તથા તેમના સાથીદારોએ કાર્યક્રમનું સુંદર આયોજન કર્યું હતું. કો-ઓર્ડિનેટર શ્રી ભૌતિક મુજાની તથા કોલેજના વિદ્યાર્થીઓએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ પ્રસંગે અમદાવાદના મેયર શ્રીમતિ બિજલબહેન પટેલ ઉપસ્થિત હતા. તેમણે પણ શુભેચ્છાઓ પાઠવી હતી.

સમારોહની સાંજની સેશનમાં આ પ્રોજેક્ટની રૂપરેખાનું વિડીયો નિદર્શન તથા ઉદ્‌ઘોષણા થઈ હતી. માત્ર બે વર્ષના ગાળામાં આ પ્રોજેક્ટનું નિર્માણ થાય તેવી શુભેચ્છાઓ સર્વે ઉપસ્થિત મહાનુભાવોએ વ્યક્ત કરી હતી. આ પ્રસંગે ગુજરાતનું મીડિયા, પત્રકારો, લેખકો અને જર્નાલિસ્ટ્સ ઉપસ્થિત હતા.

## અબુધાબી દેશે પોતાની ન્યાય પ્રણાલીમાં અંગ્રેજી અરબી ઉપરાંત ભારતીય ભાષા હિન્દીને સ્થાન આપ્યું.

હવે વિદેશોમાં પણ હિન્દી ભાષી નાગરિકો સ્થાયી થયો હોવાથી તે દેશોમાં હિન્દીનું પ્રભુત્વ વધ્યું છે. હાલમાં અબુધાબીની ન્યાયાલયોમાં હિન્દી ભાષાનો ઉમેરો થયો છે. અહીંની કુલ વસ્તીના 30% નાગરિકો ભારતીય છે. આ ભારતીયોને તેમની ભાષામાં સરળતાથી ન્યાય મળે તે માટે આ પ્રદેશે હિન્દી ભાષાને મહત્વ આપ્યું છે. અહીં ભારતમાંથી ઉદ્યમી તથા શ્રમિક સમુદાય બહોળા પ્રમાણમાં છે. ન્યાયની ભાષામાં તેઓ કોર્ટમાં સરળતાથી પ્રશ્નોના ઉત્તરો આપી શકે છે. પ્રશ્નોને હિન્દી ભાષાને કારણ સહેલાઈથી સમજી જે વિષય અંગે ન્યાયાલયમાં જવું પડ્યું હતું તેના ન્યાય માટે ભારતીય સમુદાય આ ભાષાથી રાહત અનુભવે છે.

## ગ્લોબલ વૉર્મિંગથી હિમાલયની હિમશિલાઓ ગ્લેશિયરમાં સતત ઘટાડો

પૃથ્વીના આવરણમાં ધીરે ધીરે ગરમીનો વધારો થયો છે. આશરે એક ડીગ્રી સે.ના માત્ર વધારાથી ગ્લોબલ વૉર્મિંગની સમસ્યા સર્જાઈ છે. તેની અસર હિમાલયની હિમગિરિ ટેકરીઓ પરનો બરફ પીગળવા માંડ્યો છે. હિમાલયના બરફના પહાડો-ગ્લેસિયરના ઓગળવાનું પ્રમાણ વધ્યું છે. તેથી ભવિષ્યમાં હિમાલયમાંથી નિકળતી ગંગા, યમુના, બ્રહ્મપુત્ર જેવી નદીઓમાં ભારે પૂર આવવાની સંભાવના વધી છે. આ નદી કિનારાના શહેરો તથા વસાહત-ખેતીને ભારે નુકસાન થવા માંડ્યું છે. નદી-કિનારાના મંદિરો તથા સ્થાપત્યોને પણ નુકસાન થવા માંડ્યું છે. આ પ્રમાણે ચીનમાં ખતરો તોળાઈ રહ્યો છે. બે અબજ લોકોને અસર થશે. સમુદ્રની સપાટી પણ વધવાથી સમુદ્ર કિનારાના શહેરો પણ પાણીમાં ગરકાવ થાય તેવી ભીતિ સેવાઈ રહી છે. તેથી હવામાન વિભાગે પણ વૈશ્વિકસ્તરે આ ગ્લોબલ વૉર્મિંગની સમસ્યાના ઉપાયો પણ સૂચવ્યા છે.

## ભારતીય રેલવેના આધુનિકરણના શ્રીગણેશ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વંદેભારત એક્સપ્રેસ રાષ્ટ્રને સમર્પિત કર્યો.

દિલ્હીથી વારાણસીના રેલ્વે પ્રવાસ માટે ૧૬૦ કિ.મી.ની ઝડપે દોડતા વંદે ભારત એક્સપ્રેસનું લોકાર્પણ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે. આ ટ્રેનમાં આધુનિક સુવિધાઓ છે. દેશના નાગરિકોને સુઘડ અને આધુનિક રેલસેવા માટે આ એક્સપ્રેસ ઉદાહરણરૂપ છે. સીનિયર સીટીઝન તથા શ્રદ્ધાળુઓ આ રેલસેવાથી વારાણસી જેવા ધર્મસ્થાનો પર યાત્રાપ્રવાસ વિના મુશ્કેલીથી કરી શકશે. દેશમાં આવી બીજી ૧૦૦ ટ્રેનોને દોડાવવાનો રેલ્વેતંત્રનો નિર્ધાર છે.

## અમદાવાદની વિદ્યાર્થીની ફાર્મસી માટે GPAT પરીક્ષામાં દેશમાં પ્રથમ

ભારતની શિક્ષણ પ્રણાલીમાં હવે મહત્વના કોર્સ જેવા કે તબીબીક્ષેત્ર, એન્જિનિયરીંગ, સીએ, ફાર્મસી વગેરેના પ્રવેશ માટે રાષ્ટ્રકક્ષાએ યોજાતી પ્રવેશ પરીક્ષાઓનો સમાવેશ થયો છે. આ પરીક્ષાઓ હિન્દી, અંગ્રેજી ઉપરાંત જે તે રાજ્યની માતૃભાષામાં પણ લેવાય છે. આવી પરીક્ષાઓ કેન્દ્રીય લેવલે લેવાય છે. આ પરીક્ષાઓના

મેરિટમાં આવવા વિદ્યાર્થીઓએ સખત પરિશ્રમ કરવો પડે છે. આવી પરીક્ષાઓ પારદર્શક હોય છે. તેમાં કોઈપણ પ્રકારની ગેરરીતિ થવાની સંભાવના ખૂબ જ ઓછી હોય છે. તાજેતરમાં ફાર્મસી કોર્સમાં એમફાર્મ માટે દેશમાં કેન્દ્રીય પ્રવેશ પરીક્ષા GPAT યોજાઈ હતી. આ પરીક્ષામાં અમદાવાદની અંકિતા યવલકરે ૪૩ હજાર વિદ્યાર્થીઓમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. અંકિતાની આ સિદ્ધિએ અમદાવાદ તથા ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

## કુંભમેળાને કારણે પ્રયાગરાજ એક દિવસ માટે વિશ્વનું સૌથી વધુ વસ્તી ધરાવતું શહેર બન્યું

પ્રયાગરાજના કુંભમેળાએ વિશ્વનું ધ્યાન આકર્ષિત કર્યું છે. આ કુંભમેળાના સ્નાનોમાં સોમવતી મૌની અમાવાસ્યા ૭૧ વર્ષે આવેલ હોઈ, આ શાહી સ્નાનની પવિત્રતા મહત્વની બની હતી. દેશ-વિદેશમાંથી આશરે લગભગ ૫ કરોડ શ્રદ્ધાળુઓ ઉમટ્યા હતા. તેમણે ૪૧ ઘાટપર ત્રિવેણીસંગમમાં મૌની સોમવતી અમાવાસ્યાનું શાહી સ્નાન કર્યું હતું. આ માટે ૩૦ હજારથી પણ વધુ જવાનોએ સુરક્ષા પૂરી પાડી હતી. રાત્રે ૧૨ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધીમાં સાધુ-સંતો સહિત વિવિધ અખાડાઓએ ભવ્ય સવારીથી તથા શ્રદ્ધાળુઓએ મોટી સંખ્યામાં સ્નાન કર્યું હતું. ૫ કરોડના માનવ મહેરામણના દ્રશ્યને ડ્રોન કેમેરા વડે મીડિયાએ પણ પ્રસારિત કર્યું હતું. વિશ્વમાં ૩.૮ કરોડની વસ્તી ધરાવતું જાપાનનું ટોકિયો શહેર પ્રથમ ક્રમે છે. આ સંદર્ભે પ્રયાગરાજમાં કુંભમેળામાં એક દિવસ માટે વિશ્વનું સૌથી વધુ વસ્તી ધરાવતું શહેર બન્યું છે.

## રાજસ્થાનના ક્વોટાના શિવપુરામાં ભૂકંપથી બચાવ કરવા ભવ્ય મૉક-ડ્રીલ યોજાઈ

દેશમાં આવતી કુદરતી તથા આકસ્મિક આફતો જેવી કે ભૂકંપ, અતિવૃષ્ટિ, લેન્ડ સ્લાઈડીંગ, આગ, આતંકીહૂમલો વગેરેમાં થતા નુકસાનને અટકાવવા તથા જાનહાની અટકાવવા ભારતની સુરક્ષા પ્રણાલી તથા વિવિધ સંગઠનોએ પૂર્વતૈયારી અર્થે મૉક-ડ્રીલ યોજી હતી. આ મૉક-ડ્રીલમાં કૃત્રિમ રીતે આબેહૂબ વાતાવરણ ઉભું કરાય છે. જેમાં સૈનિકો તથા વિવિધ સેવાભાવી સંગઠનોના સ્વયંસેવકો તાલીમ મેળવે છે. અને આવી આકસ્મિક ઘટનાઓમાં પૂર્વતૈયારી તથા તત્કાલિન સેવાઓ માટે સુસજ્જ થાય છે. આવી જ એક ભવ્ય મૉક ડ્રીલ ભૂકંપના સંદર્ભમાં રાજસ્થાનના ક્વોટાના શિવપુરામાં યોજાઈ હતી. જેમાં NDRF, SDRI, સીવિલ પોલીસ, એનસીસી તથા અન્ય ૧૮ સંગઠનોએ અદભૂત કર્તબો દર્શાવ્યા હતા. જમીનમાં, મકાનમાં તથા અન્ય સ્થળોએ ફસાયેલ જીવન તથા મૃત લોકોના અદભૂત બચાવ કરવાના દ્રશ્યો જોવા મળ્યા હતા. પાણી તથા વિદ્યુત પુરવઠાઓની અસરો અંગે પણ નિદર્શન થયું હતું. આ મૉક-ડ્રીલે રાજસ્થાન તથા દેશના સેવાભાવી સંગઠનો માટે આકર્ષણ જમાવ્યું હતું.

## બનારસની પૂર્ણાનંદ સંસ્કૃત મહાવિદ્યાલયમાં ૧૦ ઓવરની અનોખી ક્રિકેટ સ્પર્ધા યોજાઈ

બનારસની પૂર્ણાનંદ સંસ્કૃત મહાવિદ્યાલયમાં તેની તમામ શૈક્ષણિક-બિનશૈક્ષણિક પ્રવૃત્તિઓ માટેની ભાષામાં સંસ્કૃત માધ્યમનો જ ઉપયોગ કરે છે. તેથી આ શૈક્ષણિક સંસ્થા સંસ્કૃતભાષા માટે દેશમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. અહીં ૧૦ ઓવરની અનોખી ક્રિકેટ સ્પર્ધા યોજાઈ હતી. તેમાં ખેલાડીઓનો ડ્રેસ-કોડ પણ વિશિષ્ટ હતો. ખેલાડીઓએ ધોતી-કૂર્તા તથા ગમચ્છા પહેર્યા હતા. એમ્પાયરોનો ડ્રેસ પણ સંપૂર્ણ સાંસ્કૃતિક હતો. આ સંસ્થાની સ્થાપનાને ૭૫ વર્ષ પૂર્ણ થતા હોવાથી આ અનોખી ક્રિકેટ સ્પર્ધા યોજાઈ હતી. આ મેચની કોમેન્ટ્રી પણ સંસ્કૃતમાં હતી. આ સ્પર્ધાને નિહાળવા મોટી સંખ્યામાં ક્રિકેટપ્રેમીઓ, બનારસની શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ તથા આ સ્પર્ધાના કવરેજ માટે દેશનું મીડિયા પણ ઉપસ્થિત હતું. આ શૈક્ષણિક સંસ્થાના ખેલકૂદ વિભાગે આ ક્રિકેટ સ્પર્ધાને દેશ તથા વિશ્વકક્ષાએ આ સંસ્થાને પ્રસિદ્ધિ અપાવી છે.

## પૂર્વોત્તર રેલવેના તમામ સ્ટેશનોને પ્લાસ્ટિક તથા કાગળના ઉપયોગથી મુક્ત કરાશે - માટીના વાસણોના પ્રયોગનો પ્રારંભ

ભારતીય રેલ વિભાગ પણ વાતાવરણમાં પ્લાસ્ટિક તથા કાગળના પ્રદૂષણને નાથવા અનેક અવનવા પ્રયોગો

હાથ ધરે છે. હાલમાં પૂર્વોત્તર રેલ્વેએ આ માટે અનોખા પ્રયોગની પહેલ કરી છે. વારાણસીથી રાયબરેલી સુધીની રેલવેમાં પ્રત્યેક સ્ટેશને માટીના વાસણોમાં ચા તથા ખાદ્ય પદાર્થો-ભોજન પૂરા પાડશે. અહીં પ્લાસ્ટિક તથા કાગળના કપનો ઉપયોગ પ્રતિબંધિત જાહેર થયો છે. હવે આ રેલવે સ્ટેશનમાં યાત્રિઓને વ્યંજનો તથા ચા, કોફી અને દૂધના સ્વાદની સાથે માટીનો સ્વાદ પણ માણવા મળશે. રેલવેના આ પ્રયોગ પાછળ ચોક્કસ ઉદ્દેશ પણ છે. આ પ્રદેશના કુંભારોને રોજગાર મળે તથા પ્રદૂષણને નાથવાનું આ પગલું છે. આ માટે રેલવેતંત્રએ આ પાયલોટ પ્રોજેક્ટનું કામ માટીના વાસણો માટે ખાદી-ગ્રામોદ્યોગના સૂચનથી હાથ ધરાયું છે. અત્રે યાદ રહે કે પૂર્વ રેલમંત્રી લાલુપ્રસાદ યાદવે પણ આ પ્રયોગ કર્યો હતો. પૂર્વ રેલવેના એડીજી સ્મિતાવત્સ શર્માએ આ અંગે મીડિયાને માહિતી આપી હતી.

## મોબાઈલના વિવેકહીન દૂરઉપયોગ માટે સુરતના હીરાવેપારી સવજી ધોળકિયાની ચેતવણી - ભવિષ્યવાણી

સુરતની સમર્પણ ટેકનીકલ સંસ્થા સમાજમાં હકારાત્મક સંદેશા માટે અવનવા કાર્યક્રમો યોજે છે. આ સંદર્ભે હાલમાં એક નાટક યોજાયું હતું. આ નાટક તથા અન્ય કાર્યક્રમમાં આ સંસ્થાએ સુરતના નામાંકિત હીરા-વેપારી સવજી ધોળકિયાને મહેમાનપદે આમંત્રણ આપ્યું હતું. શ્રી સવજીભાઈએ આ પ્રસંગે પ્રેરક પ્રવચન આપ્યું હતું. તેમણે જણાવ્યું કે મોબાઈલ ફોનના વિવેકહીન દૂર ઉપયોગથી કુમળી વયના બાળકો તથા યુવાનોમાં ન શીખવાની વાતો તેમના મગજમાં ઉમેરાય છે. આવી બાબતો તેમના મગજમાં સ્થાયી થવાથી તેઓ માનસિક સમતુલા ગુમાવે છે અને તેમના મગજ વિકૃત બને છે. તેઓ ભણવામાં ધ્યાન આપતા નથી, ન કરવાનું કરી બેસે છે. આ અંગે વર્તમાનપત્રો તથા સામાયિકોમાં અનેક કિસ્સાઓ જોવા મળે છે. તેમણે વિશેષમાં જણાવ્યું કે બાળકોના માતા-પિતાએ આ અંગે સભાન થવાની જરૂર છે. તેમણે આશ્ચર્યજનક ચેતવણી આપતા ભવિષ્યવાણી ઉચ્ચારી કે જો આમ જ ચાલતું રહેશે તો ૨૦ વર્ષ પછી પ્રત્યેક ઘરમાં એક ગાંડો માણસ હોવાનું નકારી શકાય નહિ.

## વડાપ્રધાન અને રાષ્ટ્રપતિનાં વિમાનોની સુરક્ષા અમેરિકાની ડિફેન્સ સિસ્ટમથી થશે

ભારત જે ત્વરાથી વિકાસની હરણફાળ ભરી રહ્યું છે, તે જોતાં દેશના રાષ્ટ્રભક્તો માટે સુરક્ષાનો ખતરો તોળાઈ રહ્યો છે. આઝાદી પછી અનેક વર્ષોમાં વડાપ્રધાન સહિત અનેક રાષ્ટ્રપુરુષની હત્યાઓ થઈ છે. આ બાબતને ધ્યાનમાં રાખી ભારતના સંરક્ષણ મંત્રાલયે આધુનિકતા અપનાવી છે. વિશેષમાં વડાપ્રધાન તથા રાષ્ટ્રપતિની સુરક્ષા માટે ધ્યાન અપાયું છે. ઝડપી મુસાફરી માટે જે તે કાર્યક્રમમાં હાજરી આપવા વિમાનમાર્ગે ભ્રમણ કરવાનું હોવાથી વિમાની સેવા સુદૃઢ બનાવવા સંરક્ષણમંત્રાલયે હાલમાં અમેરિકામાં જે ડિફેન્સ સિસ્ટમ છે તેને અનુસરવાનું નક્કી કર્યું છે. અમેરિકા પણ ભારતને આ ડિફેન્સ સિસ્ટમ વેચવા તૈયાર થયું છે. તેનો અંદાજીત ખર્ચ ૧૩૫૭ કરોડ રૂપિયા (૧૯ કરોડ ડૉલર) થશે. તેમાં બે મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ છે. હાલમાં વડાપ્રધાન તથા રાષ્ટ્રપતિના સંરક્ષણ માટે ઉપયોગમાં લેવાતા બે બોઇંગ-૭૭૭ વિમાનમાં આ સિસટમ લગાવાશે. આ વાતની પુષ્ટિ આપતાં અમેરિકાના સંરક્ષણ હેડક્વાર્ટર પેન્ટાગોને કહ્યું કે આ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમથી એરઇન્ડિયાના વિમાનની સુરક્ષા અમેરિકાના રાષ્ટ્રપતિના વિમાન એરફોર્સ વન સમાન થઈ જશે.

## મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે દુબઈમાં ભારતીય દૂતાવાસમાં ભગવદ્‌ગીતા આધારિત બે દિવસીય પોસ્ટર પ્રદર્શન યોજાયું.

ભારતની ભગવદ્‌ગીતા આધારિત સંસ્કૃતિ માટે તથા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે દુબઈમાં બે દિવસીય પોસ્ટર પ્રદર્શન યોજાયું. જેમાં ભારતીય દૂતાવાસમાં વિવિધ હેન્ડીક્રાફ્ટ તથા ખાદીમાં ભગવદ્‌ગીતાનો સંદેશ તથા મહાત્મા ગાંધીના જીવન પ્રસંગો તથા તેમની વિવિધ તસવીરોના પોસ્ટર્સ મુકાયા હતા. ભગવદ્‌ગીતા તથા મહાત્માગાંધીના વિશ્વકલ્યાણ અને શાંતિના સંદેશા પણ આ પોસ્ટરમાં જોવા મળ્યા હતા.

* * *